સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ચિંતા સભ્યોની નથી, 'સીએમ' પદની જફા છે,
આ ખોટી ખેંચતાણથી સામાન્ય સભ્યો તો ખફા છે
ફાંફાં છે સત્તાનાં સંબંધોની કોઇને પડી નથી -
રહીને વફા, નફામાં, સ્વાર્થમાં સિદ્ધાંતો સફા છે.
(શિવસેના-ભાજપામાં પડી ફૂટ)

હાઈકુ

જો નડશે તો -
બદલાવી નાખશે -
કાયદા પણ..

પાથરી દીધી,
ઉદ્યોગપતિ માટે -
લાલ જાજમ...

ચિંતન

યદીચ્છસિ વશીકર્તું જગદે કેન કર્મણા । પરાપવાદ સસ્યે ભ્યાં ગાં ચરન્તી નિવારય ॥

હે માનવી! જો તારે આ સંસાર-વિશ્વ સમાજને વશમાં કરવો હોય અને સર્વની પ્રશંસા-પ્રેમ હાંસલ કરવા હોય તો માત્ર એક જ બાબત-કર્મ કરવાની જરૂર છે કે તું તારી વાણીને વશમાં રાખ, અર્થાત વાણી પર સંયમ રાખી કોઇની ટીકા-નિંદા કે કોઇનું બુરું ન બોલ - નિંદા કરવાનું છોડી દે!

કેટલાંક લોકોની ટેવ-ગેરહાજર સગાં-સંબંધી-મિત્રની ટેવો-સ્વભાવ કે વર્તનની ખરાબીની વાતો-ટીકા-નિંદા સ્વરૂપે કરે છે આ વ્યક્તિની વાત પેલી વ્યક્તિને અને પેલીની વાત ત્રીજી વ્યક્તિને મીઠાં-મરચાંના મસાલાનું ઉમેરણ કરી વાત કેમ વધારે પડતી 'સ્વાદિષ્ટ' થાય એ રીતે ટેવ હોય છે.

આવી વ્યક્તિઓનો ભંડો ફૂટે ત્યારે 'ક્યાંય' ના રહેતાં નથી. તદ્દન તટસ્થ અને મૌન રહેનાર વ્યક્તિને બધાંનો પ્રેમ પ્રાપ્ત થાય છે.

સુવિચાર

- તમારા સ્વપ્નો ઉપર અત્યારે જ કામ કરવાનું શરૂ કરી દો, કારણ કે તકને ઝડપ ગમે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઇક અજાણ્યા ચહેરા પર નાનકડું સ્મિત પ્રગટાવી શકો, તો તે મોક્ષથી પણ વધુ ઉમદા છે - **ઝેન કથન**
- હું એટલું શીખ્યો છું કે - પરિચિત વ્યક્તિની વિકટ પરિસ્થિતિમાં તેનો હાથ પકડી બે ડગલાં ચાલવું, કે એના હૃદયની વાત સમજવી પણ એક સારૂં કાર્ય છે - **એન્ડી રૂમી**
- જગતનો સૌથી સારો ક્લાસરૂમ વૃદ્ધ માણસનાં પગ પાસે છે - **જ્ઞાનસૂત્ર**
- રોગોની આમંત્રણ પત્રિકા આપણા ડાઇનીંગ ટેબલ પર જ લખાતી હોય છે - **ગુણવંત શાહ**
- ત્યાં સુધી મને અંધકારનો ભય લાગ્યા કર્યો જ્યાં સુધી, મેં તારાઓના પ્રકાશની સુંદરતા નિહાળી ન હતી - **રૂઝવેલ્ટ**
- રૂપ અને રૂપિયો સાચવી રાખ્યા સારા, બેવ પાછલી ઉંમરે કામ લાગશે - **ભીખુદાન ગઢવી**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સંતોનો સ્વભાવ સરળ હોય જિંદગીમાં રહેણીકરણીમાં જરૂરિયાત ખૂબ જ મર્યાદિત હોય છે. ઠાઠમાઠ-વૈભવથી સાચા સંત દૂર ભાગે છે.

બગદાદના સૂફી સંત ફ્લીજ ખૂબ સાદગીથી જીવતા સાચા સંત હતા. સાચા અર્થમાં ફકીર હતા. એમના પ્રવચન સાંભળવા ખૂબ ભીડ એકત્ર થતી. બગદાદના બાદશાહ હારૂન અલ-રશીદના કાને સંત ફ્લીજના પ્રવચન અને જીવનના વખાણ આવ્યા. બાદશાહે વેશ બદલી પ્રવચનમાં હાજરી આપી.

પ્રવચન ખૂબ જ અસરકારક અને જીવન જીવવાનો સાચો માર્ગ દર્શાવનારું હતું. બાદશાહ રશીદ, પ્રવચન પુરૂં થતાં ઉભા રહ્યા અને લોકો જતા રહ્યાં પછી ફકીર ફ્લીજ પાસે ગયા. વંદન કરી પોતાની ઓળખ આપી અને ફ્લીજ ના ચરણ પાસે સો દિનાર ભરેલી કોથળી મૂકી...

ફ્લીજ સમજી ગયા - બોલ્યા! અરે! શહેનશાહ, મેં તો તમને જન્નત (સ્વર્ગ)માં જવાનો રસ્તો બતાવ્યો અને તમે તો મને દોઝખ (નર્ક)માં જવાનો રસ્તો બતાવો છો. શું આ ન્યાયપૂર્ણ વ્યવહાર છે?!

બાદશાહે દિનાર ભરેલી થેલી પાછી લઇ લીધી - અને સંકોચ સાથે સલામ ભરી...

Email - sureshchandrabhatt18@gmail.com

ફૂલમણિ : એક અદ્‌ભુત નાટ્યાનુભૂતિ



મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ટન...ટન...ટન

ત્રણ ટકોરા સંભળાયા,

આખો હૉલ ચિક્કાર ભરાઈ ગયેલો. ત્રણસો, ત્રણસો રૂપિયા ખર્ચીને લોકો આજે જૂની રંગભૂમિનું નાટક 'ફૂલમણી' જોવા આવ્યા હતા. સૌ કોઈને એમ હતું કે, હમણાં રંગલો-રંગલી, ભૂંગળ, વાજા, નગારા, અને ભવાઈનો વેશ શરૂ થશે પરંતુ એમાંનું કશું ના થયું. લાલ રંગનો વિશાળ પડદો ખુલ્યો...! અને...!

દોસ્તો, આજે ભાવનગરની આ વિશાળ રંગભૂમિ ઉપર અમો ખૂબ જ ઊંચી અપેક્ષાઓ સાથે છેક મુંબઈથી નાટક ભજવવા આવ્યા છીએ. આ નાટકમાં કુલ પંદરસોને અગિયાર પાત્રો છે. પંદરસો તમે અને અગિયાર અમે આમ સૌને ખ્યાલ હશે કે મુંબઈમાં આજથી સો વર્ષ પહેલા જ્યારે રંગભૂમિ ઉપર નાટકો ભજવાતા ત્યારે છેક ભાવનગર, અમદાવાદ, વડોદરા અને સુરતથી સ્પેશિયલ ટ્રેનો દોડતી હતી અને ટ્રંકકોલ કરીને નાટકોની ટિકીટ બુક કરાવતા હતા... આવા હતા એ દિવસો, પરંતુ આજે..! પંદર લાખથી વધુ વસ્તીવાળા શહેરમાંથી માત્ર પંદરસો પ્રેક્ષકો જ જોવા આવ્યા છે ! કશો વાંધો નહીં... અમે તો છતાંય નાટક રજૂ કરીશું.

''અલ્યા, મોહનિયા ? કેટલી વાર છે ? આ મારા ડાયલોગ પણ પૂરા થવા આવ્યા ? ક્યાં મરી ગયા છો બધા ? જલદી કરો !''

''અંદરથી કોઈ બોલ્યું ! સાહેબ, મોહનની તબિયત બગડી છે, તરૂલતાજી હજી સાડી બદલે છે, ગણેશ નાસ્તો કરે છે, શંકર સુતો છે અને મારી એન્ટ્રી તો છેલ્લી છે. પણ 'ફૂલમણી' તૈયાર છે. તમે કહેતા હોય તો એને મોકલું !''

''જોયું ને દોસ્તો...! આ 'ફૂલમણિ' બિચારી... સૉરી... બિચારો હંમેશાં તૈયાર હોય છે. સૌથી પહેલા ચાલો એને જ બોલાવી લઉં છું. તમે પણ બેઘડી મોજ માણો..!'' દૃશ્ય બદલાય છે.

સ્ટેજની વચ્ચોવચ્ચ સરસ મજાનું રંગબેરંગી પાનેતર પહેરીને ફૂલમણિ બેઠી છે (બેઠો છે) પાછળ પીળા રંગના પડદાં ચમકદાર લાલ લાઈટના આછા અજવાસમાં દિપી ઊઠ્યા હતા. પાનેતરમાં ચહેરો ઢંકાયેલો છે. સહેજ સાઈડમાંથી કાળી ભમ્મર બે આંખો દેખાય છે... ધીરે ધીરે ચહેરા પરથી પાનેતર હટે છે અને... આહ! આહ! પાણી પીવે તો ગળામાંથી ઊતરતું સ્પષ્ટ દેખાય એવું પારદર્શક રૂપ... લાલચટ્ટક હોઠ, મારકણી અને ચંચળ આંખો, કપાળમાં લાલ ચાંદલો, વિખરાયેલા ખુલ્લા વાળ... જાણે કોઈ સાક્ષાત જોગમાયાનું રૂપ... ભલભલા મોહી પડે એવી એની અંગભંગિમાઓ... એક ક્ષણ માટે તો તમામ પ્રેક્ષકો ભુલી ગયા કે આ પુરુષ છે અને સ્ત્રીનું પાત્ર ભજવે છે. આગલી હરોળમાં બેઠેલા પુરુષોએ પોતપોતાની પત્નીઓ સામે જોઈ લીધું અને પછી 'ફૂલમણિ' તરફ !

અને પછી તો કથા આગળ વધે છે. નાટકકંપનીનો શેઠિઓ આવે છે. ફૂલમણિને મારે છે એનું શોષણ કરે છે. એની ઉપર ત્રાસ ગુજારે છે અને 'ફૂલમણિ'ની એક જ રટણા હોય છે કે મને નાટકમાં મુખ્ય પાત્ર મળે... પરંતુ એ પાત્ર માટેના સંઘર્ષની સીમા હજી નહોતી આવી.

એ કલાકારનું સાચું નામ હતું ચિરાગ વોરા, શાળાના નાના રંગમંચ ઉપરથી આરંભાયેલી એની અભિનય યાત્રા છેક, 'ફૂલમણિ' સુધી પહોંચી હતી. બાળપણમાં એક વખત અનાયાસે પોતે ભજવેલું સ્ત્રી પાત્ર ચિરાગને આજે પણ યાદ હતું.

પોતાના ગામમાં નવરાત્રીના તહેવારે નાટ્ય મંડળી દ્વારા 'રામાયણ' ભજવાય. તે દિવસે રામ-લક્ષ્મણના વનવાસ બાદ ઊર્મિલાના વિયોગનું દૃશ્ય હતું અને ઊર્મિલાનું પાત્ર ભજવનાર પુરુષોત્તમ આવ્યો નહોતો. અચાનક બધાનું ધ્યાન ચિરાગ પર પડ્યું અને પછી તો ચિરાગની અંદર અભિનયની જ્યોત ઝળહળી ઊઠી. સ્ત્રીના કપડાં, પાવડર, પફ, આઈબ્રો, એરિંગ, નથની, ટીકો, ચૂડી, ચાંદલો, કંગન, ઝાંઝર, કંદોરો, હાર, મોતીની માળાઓ વગેરેથી ચિરાગ આખો બદલાઈ ગયેલો. તેની અંદર આખી ઊર્મિલા જીવંત થઈ આવી. તે અરિસામાં પોતાના રૂપને જોતો જ રહ્યો. મોહિત થઈ ગયો. ચિરાગે જ્યારે સ્ટેજ ઉપર પાત્ર ભજવ્યું ત્યારે ગામના આગેવાનોમાં ઉહાપોહ થઈ ગયેલો કે નાટ્ય મંડળીમાં સાચ્ચેસાચ 'સ્ત્રી' પાત્ર ? પરંતુ પછી જાણ થઈ કે આ તો આપણો ચિરાગ છે ત્યારે સૌ કોઈ દિગ્મૂઢ થઈ ગયા હતા.

એ કિશોરાવસ્થાની ઊર્મિલામાંથી યુવાવસ્થાની ફૂલમણિમાં પોતાનું ક્યારે રૂપાંતર થઈ ગયું એની ખુદ ચિરાગને પણ ખબર નહોતી પડી.

આખો હોલ સ્તબ્ધ હતો. તાળીઓની અને શ્વાસની ગૂંજ પણ સન્નાટામાં ફેરવાઈ ગઈ હતી. સૌ અવાચક બનીને જોઈ રહ્યાં હતા. ક્યારે દૃશ્યો બદલાતા ગયા, ક્યારે હસતા-હસતા રમતા-રમતા ગંભીર થઈ જવાયું. વિચારમગ્ન થઈ જવાયું એની કોઈને ખબર પણ ન પડી. સૌ કોઈ ફૂલમણિના ભાવ સાથે. સંવેદના સાથે જોડાઈ ગયું હતું. અચાનક બધા જ પ્રેક્ષકો અચંબામાં પડી ગયા હતા. આવી તો કોઈએ કલ્પના પણ નહોતી કરી કે 'ફૂલમણિ'ના પેટમાં બાળકનો ગર્ભ છે તે હવે મા બનશે. પરંતુ તે તો હજી કુંવારી છે. આવનાર બાળકનો પિતા કોણ ? પ્રથમ નાટ્ય મંડળીનો નિર્દય માલિક કે પછી જેના ચુંગાલમાંથી બચવા ઈચ્છે છે એ શેઠિયો..? કે પછી અન્ય કોઈ...? એ ચિંતા ફૂલમણિને નહોતી ! તેને તો બસ એક તેના જેવું ગોરું-સુંદર અને નમણું બાળક જોઈતું હતું. જે તેના ખાલી જીવનને રસમધુર બનાવી દે. મા બનવાના લજ્જાયુક્ત ભાવોથી 'ફૂલમણિ'નું રૂપ ઔર ખીલી ઊઠ્યું હતું. એની આંખોમાં પહેલા વરસાદ પછી ઊગતા ફૂલ જેવી ચમક હતી. મહેક હતી. તેના ગાલોમાં ઊગતા સૂર્યના તેજની લાલાશ અને હોઠ અધ્ધખુલ્લા ગુલાબની પાંદડીઓ જેવા... આખા હોલમાં એકેય પુરુષ એવો નહીં હોય જે ફૂલમણિના રૂપને મોહિ પડ્યો ન હોય.

પરંતુ આ શું ? ફૂલમણિના પેટમાંથી બાળકને બદલે કપડાંના રંગબેરંગી ટુકડાઓનો ડૂચો ? એનો માલિક ક્રુરતાથી માર મારીને કબુલાવે છે કે બોલ હું તારા બાળકનો પિતા નથી અને ત્યારે ફૂલમણિ ક્રૂર હાસ્ય સાથે પોતાના પેટમાંથી કપડાંના રંગીન ડૂચાઓ ફેંકે છે તેના મોં પર. આખા સ્ટેજ પર કાપડના રંગબેરંગી ટુકડાઓ ફેલાય જાય છે. જાણે કે કાપડના ટુકડાઓ નથી પરંતુ ફૂલમણિના સપનાઓ, ઈચ્છાઓ, ભાવો, સંવેદનો... કેટલા બધા રંગો આજે વિખરાઈ ગયા હતા. ફૂલમણિ સ્ટેજ ઉપર બે હાથ અને સમગ્રવાળ ખૂલ્લા કરીને જોરથી અટ્ટહાસ્ય કરી રહી હતી.

'લે આ છે મારું બાળક ! લે, આ છે મારું માતૃત્વ, મારી ઈચ્છા, મારી વ્યથાને તમે પુરુષો જોતા જ નથી. તમારે માત્ર એક જ ચીજ જોઈએ છે સ્ત્રીનું શરીર ! પણ એ સ્ત્રીના શરીરમાં એક હૃદય પણ હોય છે. મન પણ હોય છે એનો કદી વિચાર કર્યો છે? જાવ અહીંથી, સૌ કોઈ ચાલ્યા જાવ ! હું ધિક્કારું છું તમને બધાને. મારે નથી બનવું ફૂલમણિ. મારે નથી બનવું જયશંકર સુંદરી ! મારે નથી જોઈતું મુખ્ય પાત્ર... જાવ ચાલ્યા જાવ, હવે, મારા સત્ત્વની કોઈ કિંમત ન કરશો હું મારું સત્ત્વ, આત્મગૌરવ અનેક વખત ગુમાવી ચૂકી છું. છતાંય તમે મને...!' જુઓ આ સ્ટેજ પરના રંગીન વસ્ત્રોના ટુકડાઓ એ એક એક વસ્ત્રમાં તમને એકએક ફૂલમણિના સપનાઓ દેખાશે. હવે ફૂલમણિ વિખેરાઈ ગઈ છે. હવે મારે અંત જોઈએ છે. આરંભ નહીં. આરંભથી આરંભાતી આ અભિનય યાત્રામાં હું થાકી ગઈ છું. હવે મારે અંત તરફની યાત્રા આરંભવી છે, ચાલ્યા જાવ બધાય... ચાલ્યા જાવ... ચાલ્યા જાવ... હા...હા...

ફૂલમણિ બે ખૂલ્લા હાથે આખાય સ્ટેજ ઉપર ગોળ ગોળ ફરે છે, એના ખૂલ્લા કાળા વાળ અને ઘેરદાર ઘાઘરો એક આખું ચક્ર ઊભું કરે છે. ઉપરથી જોતા લાગે કે જાણે કૃષ્ણનું સુદર્શન ચક્ર, પાછળના સોનેરી ઝગમગતા પડદા ઉપર પડતી રંગબેરંગી લાઈટને કારણે અદ્‌ભુત દૃશ્ય રચનાનું સર્જન થઈ રહ્યું હતું.. ફૂલમણિનો આક્રોશ, એની છુપાયેલી વેદના-વિખરાયેલા વાળના લાલ-પીળા લીસોટા અને ધીમે ધીમે પંખાની હવાથી ઊડતા વસ્ત્રોના રંગીન ટુકડાઓ... આ બધુ એક ભાવચક્રમાં ફેરવાતા જ પ્રેક્ષકો સૌ દિગ્મુઢ થઈ જાય છે. કોઈ નક્કી ન કરી શક્યું કે આવી દૃશ્ય રચનામાં હસવું જોઈએ કે રડવું જોઈએ ? સમગ્ર હોલમાં છવાઈ ગઈ ભાવશૂન્યતા બધાની આંખોમાં છલકાઈ આવ્યા આંસુઓ અને ઉપસી આવ્યું હોઠો પર આછેરું સ્મિત અને હૃદયમાં એક પરમતૃપ્તિનો ભાવ. ધીમે ધીમે બંને તરફથી પડદો ખેંચાતો ગયો, રંગો હવા, વાળ અને ફૂલમણિ... બધું ફરતું રહ્યું, ફરતું રહ્યું, કૃષ્ણની આંગળીએથી છૂટેલું જાણે કે સુદર્શન ચક્ર. કોઈ અનિષ્ટનો નાશ કરવા ધસી આવે તેમ ! અને ગૂંજી ઊઠે છે આખોય હોલ તાલીઓના ગડગડાટથી.

નાટક પૂરું થયું. દિગ્દર્શક મનોજ શાહ, ચિરાગ વોરા, ઉત્કર્ષ મઝુમદાર, જ્હોની શાહ વગેરે સ્ટેજ નીચે આવી ઊભા રહ્યા. તમામ વી.આઈ.પી. વ્યક્તિઓ સૌ પ્રથમ 'ફૂલમણિ' ચિરાગને ભેટ્યા. એણે અંદર જઈ કપડાં બદલ્યા હતા. માત્ર ફૂર્તો અને ગંજી પહેરી હતી છતાંય સૌ કોઈ 'ફૂલમણિ' સમજીને ભેટ્યા. યુવતીઓને પણ ભેટવાની ઈચ્છા હતી. પરંતુ હાથ મિલાવી મન મનાવવું પડેલું. કદાચ રાષ્ટ્રપતિ પુરસ્કાર મળ્યાનો આનંદ મળે એનાથી વિશેષ ગૌરવ આજે ફૂલમણિને ભેટવાથી સૌ કોઈને થઈ રહ્યું હતું.

ચિરાગ અત્યારે અભિનયના અને આલિંગનના મહાસાગરમાં ભીંજાઈ રહ્યો હતો. છલકાઈ રહ્યો હતો. તેની હથેળીઓ અને ગાલ લાલઘુમ થઈ ગયા હતા. પરંતુ જે રીતે નાટક પૂરું થયા પછી ધીમે ધીમે હોલ ખાલી થઈ જાય તેમ ચિરાગ અંદરથી ખાલી થઈ રહ્યો હતો. એક ભાવશૂન્યતા તેનામાં છવાઈ રહી હતી અને ફરી પાછી એક નવી ઈચ્છા જન્મી રહી હતી.

ધર્મના નામે કોઈને ગરબામાં પ્રવેશતા અટકાવી શકાય નહિ : ગુજરાત હાઈકોર્ટ

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

હિન્દુઓના પવિત્ર તહેવાર નવરાત્રીમાં ગરબામાં અન્ય લઘુમતીના પ્રવેશના મુદ્દે હિન્દુ નેતા તથા મુસ્લીમ નેતાઓ વચ્ચે વિવાદસ્પદ નિવેદનો તથા ફરમાનો, ફતવાઓ જાહેર થતા કોમી તંગદિલી ફેલાતા ગુજરાત હાઈકોર્ટે આકરૂ વલણ અપનાવતા ગુજરાતના પોલીસ વડાઓને તાકિદ કરી છે કે રાજયમાં કોઈપણ જગ્યાએ ગરબા આયોજકો ધર્મના નામે ભેદભાવ કરી પ્રવેશતા અટકાવી શકેશ નહિ તેમ છતા આયોજકો દ્વારા આવા પ્રકારના પગલા ભરવામાં આવશે તો તેમની સામે સખ્ત પગલા ભરવામાં આવશે.

રાજયના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીને આદેશબહાર પાડીને રાજયના પોલીસ વડા તેમજ રેન્જ આઈ.જી., ડી.આઈ.જી.તેમજ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને આદેશ કરી ધર્મના નામે ઘર્ષણ ન થાય તે જોવાની તાકિદ કરી છે.

સોશ્યલ મીડીયા ઉપર અમુક ધર્મના લોકોને ગરબા મહોત્સવમાં પ્રવેશવા ના દેવા અંગે મેસેજ પ્રસરતા લઘુમતી સમાજ તરફથી પણ ધાર્મિક લાગણી દુભાતા ઈમામે ફતવા બહાર પાડતા તંગદિલીનું વાતાવરણ સર્જતા ઈમામની સામાજીક શાંતિ ડહોળવાના તથા અરાજકતા, અશાંતિ ફેલાવવાના ગુન્હા બદલ ધરપકડ કરી મેજીસ્ટ્રેટ રૂબરૂ રજુ કરેલ.

ગુજરાતમાં નવરાત્રી દરમ્યાન થતા ગરબા એ શાંતિનું પ્રતિક છે, કોમી એખલાસનું પ્રતિક છે ઘણી જગ્યાએ આયોજનમાં લઘુમતી સમાજના સભ્યો ઉત્સાહથી ભાગ લે છે રાજયમાં કોમી સદ્‌ભાવનાની સ્થિતિ ડામાડોર કરનાર વિરૂધ્ધ કાયદાકીય પગલા ભરવામાં પોલીસ અટકાશે નહી તેમજ કોમી સદ્‌ભાવનાની સ્થિતિ ડહોળવાની પ્રવૃત્તિ કોઈપણ સમાજ કે ધર્મના વ્યકિત, વડા કે ઈમામ કરી શકે નહિ પોલીસ કાયદો અને વ્યવસ્થાની કસ્ટોડીયન છે જેથી ગરબા સંચાકલ, આયોજકને ધર્મના નામે પ્રવેશ આપવાનો ઈન્કાર કરે તો તે ખોટું ગણાશે અને આવા ગરબા મંડળ, આયોજકોના લાયસન્સ રદ કરવાની તેમજ સંચાલક સામે કાયદેસરની કાર્યવાહિ પોલીસ દ્વારા કરવામાં આવશે.

નવરાત્રીમાં વાગતા લાઉડસ્પીકરના કારણે હોસ્પિટલની નજીકના સ્થળોએ દર્દીઓ પરેશાન થાય છે સીનયર સીટીઝનો પણ હેરાન થાય છે તેથી ૪૦ ડિસીબલથી વધારે અવાજ સાઉન્ડનો ગરબા આયોજકો રાખી શકશે નહિ તેમ છતાં જો કાયદાનું ઉલંઘન કરવામાં આવશે તો સંચાલકો, આયોજકો સામે પોલ્યુશન કન્ટ્રોલ એકટ મુજબ કાયદેસરના પગલા ભરી સાઉન્ડ સીસ્ટમ જપ્ત કરવામાં આવશે ૪૦ ડેસીબલ સુધીના અયોજનથી રાત્રે ૧૨ વાગ્યા સુધી જ ગરબા આયોજકોને ગરબા રમવાની છૂટ આપવામાં આવી છે એક જાહેરહિતની અરજી સંદર્ભે ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં જ હુકમો કરેલ છે.

ધર્મના નામે ઘર્ષણ કરાવી પોતાની સ્વાર્થી પ્રવૃત્તિ સાધતા તથા ગુજરાત રાજયની કાયદો અને વ્યવસ્થાની સલામતીને જોખમ ઉભું થાય કોમી વાતાવરણ ડહોળાય, ઉશ્કેરાય, અશાંતિ ફેલાય તેવા નિવેદનો કરવા તથા ફતવા બહાર પાડવા એ કાયદાની વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુન્હાહિત પ્રવૃત્તિ ગણી આવું કૃત્ય આચરનાર સામે પોલીસ અધિકારી કાર્યવાહિ કરી આવા વ્યકિતની ધરપકડ કરી શકશે.

દરેક ગરબા આયોજકોએ દરેક ધર્મના લોકોને પ્રવેશ આપવા તથા લાયસન્સમાં જણાવ્યા મુજબના નિયમોનું પાલન કરવા બંધાયેલા છે તેમજ ગરબા ગ્રાઉન્ડને સંપૂર્ણ સીસી ટીવી કેમેરાથી સજજ કરી મહિલાની સુરક્ષા માટે વધુ કડક પગલા ભરવા રાજયના ગૃહ વિભો જણાવેલ છે. જયારે રાજયની પોલીસે મહિલાઓની સુરક્ષા અર્થે રાત્રે મહિલાઓને વાહન ના મળે તો ૧૦૦ નંબર ડાયલ કરવાથી મહિલાઓને પોલીસ તેમને ઘરે મુકી જવાની સેવા પૂરી પાડશે.

લવ જેહાદના બનાવો ના બને તે માટે સલામતી બંદોબસ્ત કરવો પડશે અને દરેક ૫૦૦ વ્યકિતની ભીડમાં સીક્યુરીટી ગાર્ડસ રાખવા પડશે જયારે ૧૦૦૦ ની વસ્તી દિઠ ૧૦ સીક્યુરીટી ગાર્ડસ અને દશ હજારથી વધારે ભીડ ભેગી થાય તેવી જગ્યાએ ૧૫૦ થી વધારે સીક્યુરીટી જવાનો મુકવાના રહેશે તથા પાંચ હેન્ડ મેટલ ડિરેકટર મુકવાના રહેશે જયારે ગાડીનું પાર્કિંગ ૧૦૦ મીટર દૂર ગરબા ગ્રાઉન્ડથી કરવાનું રહેશે અન` જો ગરબા સ્થળે શંકાસ્પદ વ્યકિત જણાઈ આવે તો ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસને જાણ કરવી જયારે ગરબા સ્થળે પોલીસનું એન્ટી સબોરેજ ચેકિંગ તથા મહિલા પોલીસ સાદાવેશમાં ગરબામાં જોડાશે અને સલામતીનું પૂરતું ધ્યાન રાખવામાં આવશે.

દરેક પાસે આંખો છે પણ દૃષ્ટિ ઘણા ઓછા લોકો પાસે હોય છે

અક્ષયપાત્ર

- બકુલ દવે

ગુસ્સો : ક્યાં, ક્યારે, કેટલો?

Anyone can become angry-that is esay. But to be angry with right person, to the right degree, at the right time, for the right purpose, and the right way-this is not easy.
- Aristotle

(ગુસ્સે થવું સહેલું છે - કોઇ પણ ગુસ્સે થઇ શકે. પણ તેમ કરવા માટે યોગ્ય વ્યક્તિ પર, યોગ્ય માત્રામાં, યોગ્ય સમયે, યોગ્ય હેતુ પુરઃસર અને યોગ્ય રીતે ગુસ્સે થવું સહેલું નથી.)

જે કમજોર છે, જેની પાસે સચોટ દલીલ હોતી નથી, જે પૂર્વગ્રહપીડિત હોય છે, તે કારણક વાતવાતમાં છંછેડાઈ જાય છે. આ વિકૃતિ છે. ગીતામાં કહ્યુ છે, 'ક્રોધમાંથી મૂઢતા જન્મે છે. મૂઢતાથી સ્મૃતિનાશ થાય છે. સ્મૃતિનાશથી બુદ્ધિનો પણ નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થવાથી મનુષ્ય અધોગતિના ખાડામાં પડે છે.'

પણ કદીયે ગુસ્સો ન આવતો તે પણ ઠીક નથી, કશું ખોટું થતું હોય નુકશાન કરે તેવું બની રહ્યું હોય ત્યારે ગુસ્સો આવે તે સહજ પ્રતિક્રિયા હોય છે. ઠોસ-નક્કર કારણસર ગુસ્સે થવું એ મનદુરસ્તીની નિશાની છે. અસત્ય સામે ચૂપ કેમ રહી શકાય છે? આવા સમયે ગુસ્સો આવવો વાજબી છે. ગાંધીજીનો અંગ્રેજ સામેનો ગુસ્સો એમને રચનાત્મક દિશામાં વાળ્યો. એમનો ક્રોધ અહિંસક લડતમાં પરિણમ્યો. ૧૯૪૨માં એમણે **'quit India'** કહ્યું એમાં ગુસ્સો હતો. આફ્રિકામાં એમને અન્યાય સામે લડતાં માર ખાધો એની પાછળ આગ ભભૂકતી હતી. ક્રોધ આક્રમક જ હોય તે સાચું નથી. ક્રોધ એવા વિષ જેવો છે, જે યોગ્ય પ્રમાણમાં હોય તો ઔષધનું કામ કરે છે.

ઉચ્ચ કોટિના સંતો, મહાપુરૂષો અને કલાકારોના ક્રોધ અંગેના કિસ્સા ઓછા નથી. પણ એમનો ગુસ્સો ક્યારેય સાત્ત્વિક બની રહેતો! કોઈકના ભલા માટે થતો ગુસ્સો એમનાથી થઈ જતો.

એક વાર કબીરના પુત્ર કલામને કોઇ હિન્દુ-પૂજારીએ પુછ્યું, 'તમારા પિતાજીને ગુસ્સે થઇને તમને ઘરમાં પ્રવેશવાની મનાઇ ફરમાવી છે?'

'ના, મારા પિતાજીને ગુસ્સો નથી આવતો.'

'એ કેમ માની શકાય? એમણે પંડિતો અને મૌલવીઓ પર ગુસ્સો થઇ આક્રોશ ઠાલવ્યો છે.'

'એ ગુસ્સો ગુસ્સો ન કહેવાય. એ સાત્ત્વિક ગુસ્સો હતો. કોઇના ભલા માટે હતો...' કમાલે જણાવ્યું.

ઘણી વાર આશ્ચર્ય એ વાતનું થાય છે કે આપણી આસપાસ રોજ કેટકેટલું ખોટું બનતું આપણે જોઇએ છીએ ને કેટકેટલા મનુષ્યોને માણસના કારણે જ દુઃખી થતા જોઇએ છીએ તોપણ આપણને ગુસ્સો આવતો નથી. કોઇ પ્રશ્ન મને ન સ્પર્શે ત્યાં સુધી હું વિક્ષિપ્ત ન થાઉં તે વલણમાં કાયરતા છે, સ્વાર્થ છે. બહાદુરીભર્યા નિઃસ્વાર્થ ગુસ્સાની જરૂર છે, પણ...

અકબર ઇલાહાબાદીનો શેર છે :

ગુસ્સા આના તો નેચુરલ હૈ અકબર । લેકિન હૈ શદીદ એક કિના રખના ॥

અર્થાત્ : 'ગુસ્સો આવવો તે કુદરતી છે, અકબર પણ એ પછી કિન્નાખોરી રાખવી તે ભયંકર બુરાઇ છે.'

એરિસ્ટોટલે જણાવ્યું છે તેમ યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિ પર, યોગ્ય રીતે અને યોગ્ય હેતુ પુરઃસર થતો ગુસ્સો પણ નિર્દશ અને નિર્દોષ હોય તો જ તે સાત્ત્વિક બની શકે. એટલું જ નહીં, પણ એ પાણીમાં આંગણી વડે ચીતરેલી રેખા જેવો હોવો જોઇએ. એટલે જ સાચી રીતે ગુસ્સો આવવો તે સહેલું નથી.

નજર અને દૃષ્ટિ

Everyone has eyes but avery few have vision. - Anonymous

(દરેક પાસે આંખો છે પણ દૃષ્ટિ ઘણા ઓછા લોકો પાસે હોય છે.)

એક લગ્નોત્સુક કન્યાના વડીલો એને લગ્નમેળામાં લઇ ગયા. ત્યાં ઉપસ્થિત પહેલી નજરે પસંદ પડ્યો હતો તે યુવકને મળ્યો. યુવતીએ પણ યુવક સાથે વિચારોની આપ-લે કરી, પણ વાત આગળ વધી શકી નહીં. યુવકને યુવતી પસંદ ન પડી, કારણ કે તે શ્યામ વર્ણની હતી. યુવકની સૌંદર્યની વ્યાખ્યામાં એ બંધબેસતી ન હતી.

યુવતીના વડીલોએ બીજા યુવકનો સંપર્ક કર્યો. એને યુવતી જોતા સાથે ગમી ગઇ. એને એ 'બ્લેક બ્યુટી' લાગી. કાલિદાસનું સ્મરણ થઇ આવ્યું. 'તન્વીશ્યામા શિખરીદશના...' વાતચીત દરમિયાન યુવકે એ પણ જોયું કે યુવતીના વિચારોમાં બુદ્ધિની ધાર છે અને સચ્ચાઇનો રણકો પણ. એણે એ યુવતીને પરણવાનું નક્કી કરી લીધું. ભીને વાન હોવાના કારણએ અનેક યુવકો તરફથી ઉપેક્ષા પામેલી યુવતીએ પ્રસ્તાવ સહર્ષ સ્વીકારી લીધો. બંનેનું લગ્નજીવન સુખી છે. યુવતીને નાપસંદ કરી હતી તે યુવક હજીયે 'રૂપાળી' યુવતી શોધી રહ્યો છે. બીજો યુવક યુવતીમાં જે જોઇ શક્યો તે પહેલો યુવક ન જોઇ શક્યો. દરેકની આંખોમાં કોઇ વસ્તુ-વ્યક્તિ કે દૃશ્ય ઝિલાય છે એકસરખું, પણ દરેકનો તેના માટે પ્રતિભાવ અલગ હોય છે. આનું કારણ એ છે કે જોનારની માન્યતાઓ, આગ્રહો અને અગાઉથી નક્કી કરેલાં ધોરણો મુજબ એ જે તે દૃશ્ય-વ્યક્તિ કે વસ્તુને મૂલવે છે.

એનાઇસ નીમનું એક અવતરણ છે, 'We don't see the things as they are, We see the things as We are' અર્થાત્ વસ્તુઓ જેવી હોય છે તેવી આપણે તેને જોતાં નથી પણ આપણે જેવા હોઇએ છીએ તેવી આપણે તેને જોઇએ છીએ. ગુજરાતીમાં કહેવત છે, 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ.' દૃષ્ટિ એ છે જે નરી આંખો ન જોઇ શકાતી ખૂબીઓથી અવગત કરાવે, એ ખૂબીઓ અનુસાર જીવવા માટે પ્રેરે.

જીવે છે સૌ કોઇ, પણ જીવવાની કળા ઓછા લોકો જાણતા હોય છે. તે રીતે 'જુએ' છે સૌ પણ 'જોવાની' કળા કોઇકની પાસે જ હોય છે. માત્ર આંખોથી જોવાની ક્રિયામાં મર્યાદા છે. પણ જોવાની ક્રિયા 'દૃષ્ટિ'માં પરિણમે ત્યારે એમાં